# ડૉલી

કેરળનું એક નાનકડું ગામ. ગામને પાદરે ચર્ચ. રવિવારે ગામ આખું પ્રાર્થનામાં ભેળું થાય. બુઢ્ઢા, જુવાન, બાળકો. આજેય ભેળું થયેલું. પ્રાર્થના પછી પાદરીનું પ્રવચન લાંબું ચાલ્યું. બાળકો કંટાળ્યાં. એક પછી એક બહાર સરકતાં ગયાં. ચર્ચની નજીક ગાઢ ઝાડી હતી. ત્યાં સંતાકુકડીની રમત ચાલી. ૬ વરસની ડૉલીયે તેમાં ખરી.

ડૉલીને કોઈના હાથમાં નહોતું આવવું. એટલે એ છુપાતી–છુપાતી થોડી દૂર નીકળી ગઈ. હાશ ! અહિ હવે મને કોઈ નહીં પકડે. ત્યાં અચાનક પાછળથી એક ભયાનક પંજો તેના પર પડયો... એ ચીસ પાડે તે પહેલાં તો એના મોઢામાં ડૂચો નખાઈ ગયો. એને કાંઈક સુંઘાડવામાં આવ્યું. અને એને ત્યાંથી ઉપાડી જવાઈ.

બાળકો રમતાં રહ્યાં. ડૉલી નથી તેનો કોઈને ખ્યાલ ન રહ્યો એ તો જમવા વખતે એના ઘરે 'ડૉલી ક્યાં ?' – ની બૂમ પડી ત્યારે પહેલાં ઘરમાં ને પછી ગામ આખામાં શોધાશોધ ચાલી. પણ ડૉલીનો ક્યાંય પત્તો નહીં.

પત્તો ક્યાંથી મળે ? પોતે ક્યાં છે તેની ડૉલીનેય ક્યાં ખબર હતી ? એ જરીક ભાનમાં આવી, ત્યારે એણે જોયું કે પોતે એક ગુડઝ ટ્રેનના ખાલી ડબ્બામાં હતી. સાથે પેલો માણસ. એને જોતાં જ ડૉલી હેબતાઈ ગઈ. એનો ચહેરો ને એની આંખો ને એની રીતભાત બધું જ એકદમ ડરામણું. ડૉલીને ઘણી ઈચ્છા થઈ કે પોકેપોક મૂકીને રડે. પણ ડરના માર્યા એનું રડવાનુંયે બંધ થઈ ગયેલું.

ક્યાંક એને ઉતારવામાં આવી. એક ઝૂંપડીપટ્ટીમાં લઈ જવામાં આવી. ત્યાં એને તાલીમ આપવાની શરૂ થઈ. ચહેરો સાવ દયામણો કરવાનો. હાથ લંબાવવાનો. રડમસ સાદે બોલવાનું.......'સા......બ !...... બાઈ....... સા......બ !......પૈસા દે દે !..... સુબહ સે ભૂખી હું.....'

અને પછી ભીખ માગવાનું ચાલુ થયું. એને એક તદ્દન ફાટેલું ફ્રૉક પહેરાવવામાં આવ્યું. ઉપરનાં બટન તૂટી ગયેલાં. ખભેથી વારે વારે ઊતરી જતું. નાટક કરતાં–કરતાં ડૉલી ખરે જ ભીખ માગતી થઈ ગઈ. હાથ પસારતી થઈ ગઈ. રાંક ચહેરો કરતી થઈ ગઈ.

જો કે હવે એની રાંક દશાથી એનો ચહેરો જ કાયમનો રાંક થઈ ગયેલો. એને ઘણી વાર થતું કે ક્યાંક નાસી જાઉં, ભાગી જાઉં, મારે ગામ પહોંચી જાઉં, બે–ત્રણ પ્રયત્ન કર્યા. પણ દરેક વખતે પકડાઈ ગઈ. અને એટલી ધોલ–ધપાટ ખાધી કે હવે હિંમત નહોતી થતી.

છતાં ફરી એક વાર લાગ જોઈને એ નાઠી. દૂર દૂર નીકળી ગઈ. કોઈને હાથ ન આવી. પણ ક્યાં જવું ? આવડા મોટા શહેરમાં એ બેબાકળી બની ગઈ. હવે તો એને વધુ ડર લાગવા માંડયો. ભીખના સ્થાને ફરી પહોંચી જવાનું મન થયું. પણ પાછા કેમ જવાય ?

''ડરની મારી, થાકની મારી, ભૂખની મારી ક્યાંક સૂઈ ગઈ. પોલીસે છેવટે એને બાલિકાશ્રમમાં દાખલ કરી.

ડૉલીની નવી જિંદગી શરૂ થઈ. શરૂમાં એને પૂછવામાં આવેલું કે તારું ગામ કયું ? ક્યાં આવ્યું ? પણ દૂર–દૂરના એ ગામને નામથી કોણ જાણે ? તેમાંયે ડૉલી મલયાલમમાં બોલે. હિંદી તો તૂટયું–ફૂટયું બોલી જાણે. આખરે બાલિકાશ્રમ જ એનું ઘર થઈ ગયું. એમ કરતાં કરતાં એ બારેક વરસની થઈ.



એક દિવસ કોઈકે એને દત્તક લેવાની માંગણી કરી. તે અંગેની કારવાઈ દરમ્યાન ડૉલી મંગળાબાઈના સંપર્કમાં આવી. એમણે ડૉલીના કિસ્સામાં ઊંડો રસ લીધો. મલયાલમ જાણકાર એક

બહેનને પકડી લાવ્યાં. ડૉલી પાસે માંડીને બધી વાત કરાવી. કેરળમાં એનું ગામ ક્યાં આવ્યું, એની ભાળ કાઢી. અને છેવટે ડૉલીને લઈને ઊપડયાં કેરળ.

ગામ આવ્યું, અને ડૉલીની આંખમાં એક અનેરી ચમક આવી ગઈ. હા, આ એ જ ઝાડી. ક્ષણભર તો પેલી ઘટનાની યાદે ડૉલીને શરીરે કંપારી છૂટી. પણ ચર્ચ જોતાં એ ફરી સ્વસ્થ થઈ ગઈ. અને પછી તો ત્યાંથી પોતાના ઘરને રસ્તે એણે દોટ જ મૂકી. મંગળાબહેનને એની પાછળ–પાછળ દોડવું પડયું.

આગણાંમાં એક ડોશી ઝાડુ વાળી રહ્યાં હતાં. કોઈકના દોડી આવવાના અવાજે એમણે જરીક ઊંચું જોયું. બંનેની આંખ મળી. ઘડીભર ડોશી સ્તબ્ધ બની ગયાં. પછી એકાએક એમની આંખમાં એકદમ ઓળખ આવી. હાથ પસારી એ દોડયાં. ડૉલીયે 'દાદી.....' કહી દોડી. દાદીએ ડૉલીને ઊંચકીને છાતી સરસી ચાંપી લીધી. બંનેની આંખેથી અસ્ખલિત અશ્રુધારા વહી રહી. ઘર આખું ભેળું થઈ ગયું. 'ડૉલી આવી...... ડૉલી આવી.....' એમ ગામમાં વાત પ્રસરી ગઈ. આંગણું ઊભરાઈ ગયું. ગામલોકોએ મંગળાબહેન અને ડૉલીને ઢોલ–નગારાં સાથે આખા ગામમાં ફેરવ્યા.

■